રજુ તારીખ : ૦૬–૦૨–૨૦૨૬

દાખલ તારીખ : ૦૬–૦૨–૨૦૨૬

ફેંસલ તારીખ: ૧૩–૦૩–૨૦૨૬

અવધિ: વર્ષ – માસ – દિવસ

૦૦ – ૦૧ – ૦૭

---

**ભાવનગરના મહે. ત્રીજા એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, મું.ભાવનગર.**

---

**<u>પરચુરણ ફોજદારી અરજી નં.૨૪૩/૨૦૨૬</u>**

**આંક :** ૦૬

**<u>અરજદાર</u>** : **વિજયભાઈ ધીરુભાઈ રાઠોડ,**
ઉ.વ.આ.૨૪, ધંધો–મજુરી,
રહે. વેળાવદર ગામ, રામાપીરના મંદિર પાસે,
તા.તળાજા, જી.ભાવનગર.
(હાલ જિલ્લા જેલ–ભાવનગર)

**<u>વિ રૂ દ ધ</u>**

**<u>સામાવાળા</u>** : **શ્રી સરકાર**

**બાબત : <u>બી.એન.એસ.એસ. કલમ ૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન અરજી.</u>**

**અરજદાર તરફે : વિ.વ.શ્રી જે.એ.મકવાણા.**
**સામાવાળાઓ તરફે : વિ.એ.પી.પી.શ્રી જી.પી.જાડેજા.**

**<u>–: ચુ કા દો :–</u>**

(૧) અરજદાર/આરોપીએ હાલની અરજી બી.એન.એસ.એસ.ની કલમ ૪૮૩ અન્વયે પાલીતાણા પોલીસ સ્ટેશનમાં ગુના રજી. નં.૧૧૧૯

૮૦૪૨૨૫૧૦૯૩/૨૦૨૫ થી નોંધાયેલ બી.એન.એસ.ની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૫(૧) તથા પોકસો એકટની કલમ–૪, ૮, ૧૦(સ્પે. પોકસો કેસ નં.૪/૨૦૨૬) મુજબના ગુન્હાના કામે રેગ્યુલર જામીન પર મુકત થવા માટે કરેલ છે.

(૨) સદર જામીન અરજી સંદર્ભે સામાવાળા સરકારશ્રીને નોટીસ કરતા વિ.એ.પી.પી.શ્રી જી.પી.જાડેજા તપાસ કરનાર અમલદારનું સોગંદનામું તથા પોલીસ તપાસના કાગળો સાથે હાજર થયેલ છે. અરજી અનુસંધાને સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી જી.પી.જાડેજા તથા અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી જે.એ.મકવાણાની દલીલો સાંભળવામાં આવી.

(૩) અરજદાર/આરોપી તરફે તેમના વિ.વ.શ્રીએ એવી રજૂઆત છે કે, અરજદાર/આરોપી નિર્દોષ છે અને કહેવાતો કોઈ ગુન્હો કરેલ નથી અને ખોટી રીતે હાલના ગુન્હામાં સંડોવી દીધેલ છે. ફરિયાદ જોતાં અરજદાર/આરોપીનું કયાંય નામ, નિશાન કે વર્ણન દર્શાવેલ નથી કે ફરિયાદીએ અરજદાર/આરોપી ઉપર કોઈ શંકા કે વહેમ હોવાનું જણાવેલ નથી. સદર ગુન્હાના કામે તપાસ પૂર્ણ થઈ ગયેલ છે અને ચાર્જશીટ દાખલ કરી દેવામાં આવેલ છે. જે સ્પે.(પોકસો) કેસ નં.૪/૨૦૨૬ થી રજીસ્ટર થયેલ છે. જે અત્રેની નામ. કોર્ટમાં પેન્ડીંગ છે. જેથી સાક્ષીઓને ટેમ્પર હેમ્પર કરવાનો પ્રશ્ન અસ્થાને છે. અરજદાર/આરોપી સામેના કેસની ટ્રાયલ ચાલતા લાંબો સમય જાય તેમ છે. જો વધુ સમય જેલમાં રાખવામાં આવે તો પ્રિ–ટ્રાયલ કન્વીકશનનો ભોગ બને તેમ છે. અરજદાર/આરોપી મજુર વર્ગના માણસ છે અને તેઓ ઉપર તેમના પરિવારના ભરણપોષણની જવાબદારી છે અને તેમના પરીવારમાં અરજદાર/આરોપી એક માત્ર

કમાનાર વ્યકિત છે. અરજદાર/આરોપી કોઈ ગુન્હાહિત ભુતકાળ ધરાવતા નથી. અરજદાર/અરોપી નાની વયના છે. અરજદાર/આરોપી અરજીમાં જણાવેલ સરનામાના કાયમી રહીશ છે અને સ્થાવર જંગમ મિલકત ધરાવે છે અને કયાંય નાસી ભાગી જાય તેવા ઈસમ નથી. તેમજ નામદાર કોર્ટ ફરમાવે તે તમામ શરતોનું પાલન કરવાની ખાતરી અને બાંહેધરી આપે છે. તે તમામ સંજોગોમાં અરજદાર/આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા વિનંતી કરેલ છે.

(૪) સામાવાળા તરફે વિ.એ.પી.પી. શ્રી જી.પી.જાડેજા નાઓએ હાજર થઈ એવી રજુઆત કરેલ છે કે, આ કામના અરજદાર/આરોપી સામે બી.એન.એસ.ની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૫(૧) તથા પોકસો એકટની કલમ–૪, ૮, ૧૦ મુજબના ગંભીર ગુન્હાના આક્ષેપો છે. અરજદાર/આરોપી સામે પ્રથમદર્શનીય કેસ છે. જો અરજદાર/આરોપીને જામીન મુકત કરવામાં આવે તો ભોગ બનનાર તથા તેના પરિવારના સભ્યોને ધાક ધમકી આપે અને સાક્ષી, પુરાવા સાથે ચેડા કરે તેવી પુરેપુરી સંભાવના રહેલી છે. તેમજ નાસી ભાગી જાય તો તપાસ અને ટ્રાયલ વિલંબમાં પડે તેમ છે. તે તમામ સંજોગોમાં, ગુન્હાની ગંભીરતા ધ્યાને લઈ અરજદાર/આરોપીની હાલની રેગ્યુલર જામીન ઉપર મુકત થવા માટેની અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૫) અરજદાર/આરોપીની અરજી વંચાણે લીધી. બંન્ને પક્ષો તરફે કરવામાં આવેલ રજુઆતો ધ્યાને લીધી. ભોગ બનનારે કરેલ રજુઆત પણ ધ્યાને લીધી. ફરિયાદ હકીકત તથા તપાસ કરનાર અધિકારીનું સોગંદનામું વંચાણે લીધુ. આ કામે અરજદાર/

આરોપી સામે પાલીતાણા પોલીસ સ્ટેશનમાં ગુના રજી. નં.૧૧૧૯ ૮૦૪૨૨૫૧૦૯૩/૨૦૨૫ થી નોંધાયેલ બી.એન.એસ.ની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૫(૧) તથા પોકસો એકટની કલમ–૪, ૮, ૧૦ મુજબના ગંભીર ગુન્હાના આક્ષેપો છે. વધુમાં, આ કામે ફરિયાદ હકીકત તથા ચાર્જશીટના પેપર્સ તથા તપાસ કરનાર અધિકારીનું સોગંદનામું વંચાણે લેતાં, આ કામના અરજદાર/આરોપીએ આ કામના ભોગ બનનાર ઉ.વ.૧૪ વર્ષ ૫ મહિના ૧૬ દિવસની સગીર વયની હોવાનું જાણતા હોવા છતાં, તેને લલચાવી, ફોસલાવી લગ્ન કરવાના ઈરાદે પોતાના ગામ વેળાવદર ખાતે બોલાવી, ભોગ બનનાર સગીર વયની હોવા છતાં, ભોગ બનનાર સાથે તેની મરજી વિરુધ્ધ શરીર સંબંધ બાંધી, દુષ્કર્મ કરેલ હોવાના આક્ષેપો હોવાનું પ્રથમદર્શનીય જણાય છે. અરજદાર/આરોપી સામે તપાસ દરમિયાન પુરતો પુરાવો જણાઈ આવતા ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે. જે અત્રેની કોર્ટમાં સ્પે. (પોકસો) કેસ નં.૪/૨૦૨૬ થી નોંધાયેલ છે. આમ, અરજદાર/આરોપી સામે પ્રથમદર્શનીય કેસ છે. વધુમાં, હાલની જામીન અરજીના કામે ચાર્જશીટના પેપર્સ આધારિત દલીલ કરી, અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી ધ્વારા મુખ્યત્વે અરજદાર/આરોપીએ કોઈ ગુન્હો કરેલ નહીં હોવાની અને ખોટી રીતે આવા ગંભીર ગુન્હામાં સંડોવેલ હોવાની રજુઆત કરવામાં આવેલ છે. પરંતુ, તે પુરાવાનો વિષય હોય, હાલની જામીન અરજીના તબકકે તે અંગે વિશેષ કોઈ ચર્ચા કરવાનું ઉચિત જણાતુ નથી. તેમજ આ કામે ફરિયાદપક્ષે પણ અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવા સામે વાંધો દર્શાવેલ છે. તેમજ વિ.એ.પી.પી.શ્રી ધ્વારા અરજદાર/આરોપીને જામીન મુકત કરવામાં આવે તો ભોગ બનનાર તથા તેમના

પરિવારના સભ્યોને ધાક ધમકી આપે અને પુરાવા સાથે ચેડા કરે તેવી શકયતાઓ હોવાની કરવામાં આવેલ દલીલ પણ હાલના તબકકે નકારી શકાય તેમ નથી. તેમજ જો અરજદાર/આરોપીને જામીન મુકત કરવામાં આવે અને અરજદાર/આરોપી નાસી ભાગી જાય તો તેઓની સામેની સદર ગુન્હાની ટ્રાયલ વિલંબિત થાય તેમ છે. તેમજ હાલ સમાજમાં દિનપ્રતિદિન આ પ્રકારના બનાવો વધતાં જતાં હોય, આ પ્રકારના ગંભીર ગુન્હામાં જો અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવે તો સમાજ ઉપર તેની અવળી અસર પડે તેમ છે. આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ હાલના ગુન્હાની હકીકત તથા સંજોગો તથા ગુન્હાનું સ્વરુપ અને ગુન્હાની ગંભીરતા તથા સજાની જોગવાઈ તથા અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરતી વખતે ધ્યાને લેવા પાત્ર તમામ પાસાઓ ધ્યાને લેતાં, અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવા સંદર્ભેની વિવેકાધિન સત્તા હાલના તબકકે વાપરવા માટેનો આ યોગ્ય કેસ હોવાનું જણાઈ આવતુ નથી. જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>-:: હુ ક મ ::-</u>**

(૧) આ કામના અરજદાર/આરોપીની રેગ્યુલર જામીન પર મુકત કરવા માટેની હાલની અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

આજરોજ તા.૧૩'મી, માહે-માર્ચ, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

ભાવનગર.
તા.૧૩/૦૩/૨૦૨૬

**(હેતલ સુરેશચંદ્ર દવે)**
ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ,
ભાવનગર.
UI CODE NO.GJ00693

Bhavik